


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા




માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ અંક : ૪૦ * * * સંવત ૨૦૮૨ અધિક જેઠ અમાસ, સોમવાર ૧૫ જૂન, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯

પાનાં ૧૦+૮ કિંમત ₹ ૫.૦૦

# ઈઝરાયેલના બૈરૂત પર હુમલાથી સંધિમાં વિલંબ

## ઇઝરાયેલે બૈરૂત પર કરેલા હુમલાઓને ટ્રમ્પે વખોડ્યા

**આપણે** શાંતિ કરારની ખૂબ નજીક છીએ ત્યારે આ હુમલા ન થવા જોઇતા હતા

**વૉશિંગ્ટન, તા. ૧૪:** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે બેરૂતના દક્ષિણ ઉપનગરો પર ઈઝરાયેલના હુમલાની આકરી ટીકા કરી હતી અને જણાવ્યું હતું કે આ હુમલા એવા ખાસ દિવસે થયા છે જ્યારે અમેરિકા અને ઈરાન શાંતિ કરારની ખૂબ નજીક હતા. આજ સવારે બેરૂત પર થયેલો હુમલો થવો જોઈતો ન હતો એમ ટ્રમ્પે કહ્યું હતું.

પ્રમુખે તમામ પક્ષોને થોભી જવા વિનંતી કરી હતી, સાથે જ ઈઝરાયેલ દ્વારા લેબનોન પર વધુ કોઈ હુમલા ન થવા જોઈએ અથવા અન્ય કોઈ પક્ષ દ્વારા પણ હુમલા ન થવા જોઈએ તેવી અપીલ કરી હતી. ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, આજ સવારે બેરૂત પર થયેલો હુમલો થવો જોઈતો ન હતો, ખાસ કરીને એવા ખાસ દિવસે જ્યારે આપણે ઈરાન સાથે શાંતિ કરારની ખૂબ જ નજીક છીએ. ઈઝરાયેલ પાસે પોતાનો બચાવ કરવાનો અધિકાર છે તેમ કહેવાની સાથે પ્રમુખે જણાવ્યું હતું કે, જે હુમલાના જવાબમાં ઈઝરાયેલે આ કાર્યવાહી કરી છે તે હુમલો ખૂબ જ નાનો અને અર્થહીન હતો અને તેમાં કોઈ ઘાયલ થયું નહોતું કે કોઈનું મૃત્યુ થયું નહોતું. ટ્રમ્પે ઉમેર્યું હતું કે આ કરાર પશ્ચિમ એશિયામાં એક લાંબી અને સુંદર શાંતિની શરૂઆત હોઈ શકે છે એમ કહેતા તેમણે આમાં અવરોધ ઉભા નહીં કરવા સૌને વિનંતી કરી હતી.

**બૈરૂતમાં** ઇઝરાયલી હુમલા વિશ સાંભળીને મને નવાઇ લાગી, તેનાથી સ્થિતિ હચમચી ઉઠી છે : ટ્રમ્પ

**બૈરૂતમાં** પાંચ માળની એક ઇમારત પર હુમલો કરવામાં આવ્યો, જાનહાનિના હજી કોઇ અહેવાલ નહીં

**જેરૂસલેમ, ૧૪ જૂન (AP):** અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સ્થાનિક મીડિયાને જણાવ્યું છે કે, બેરૂતમાં હિઝબુલ્લાહના ઠેકાણાઓ પર ઈઝરાયેલના હવાઈ હુમલાના કારણે યુદ્ધનો અંત લાવવા માટેના અમેરિકા-ઈરાન કરાર પર હસ્તાક્ષર કરવામાં થોડા કલાકોનો વિલંબ થયો છે. ટ્રમ્પે કહ્યું કે જ્યારે તેમણે બેરૂતમાં ઈઝરાયેલી હુમલા વિશે સાંભળ્યું ત્યારે તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા હતા અને ઈઝરાયેલના વડાપ્રધાન

...અનુસંધાન પાના 2 પર



### ટ્રમ્પે નેતન્યાહુને ફોન કરી ગુસ્સો ઠાલવ્યો

'ફોક્સ ન્યૂઝ' ના અહેવાલ મુજબ, લેબેનોનની રાજધાની પર ઇઝરાયલ દ્વારા થયેલા હુમલાથી નારાજ થયેલા ટ્રમ્પે નેતન્યાહૂ સાથે ફોન પર વાતચીત દરમિયાન ગુસ્સામાં કહ્યું, તમે આ આખરે શું કરી રહ્યા છો? આ દરમિયાન તેમણે તેમને અપશબ્દો પણ કહ્યા હતા.

### બૈરુત હુમલનો જવાબ ચોક્કસ અપાશે : ઈરાનના લશ્કરી અધિકારી

સ્થાનિક મીડિયા અનુસાર, એક વરિષ્ઠ ઈરાની લશ્કરી અધિકારીએ ચેતવણી આપી છે કે બેરૂતના દક્ષિણ ઉપનગરો પર ઇઝરાયલનો હુમલો તેહરાન

...અનુસંધાન પાના 2 પર

## બ્રાઝિલમાં બંજી જમ્પિંગમાં સેફ્ટી રોપ વગર જ યુવતીને નીચે ફેંકાઇ

**સ્ટાફની** બેદરકારીને કારણે ૧૩૦ ફૂટની ઉંચાઇએથી પટકાતા યુવતીનું મોત, બનાવ અંગે છની ધરપકડ



**સાઓ પાઉલો, તા. ૧૪:** બ્રાઝિલમાં એક બંજી જમ્પિંગ દરમિયાન સુરક્ષા દોરડું (સેફ્ટી રોપ) બાંધ્યા વિના જ સ્ટાફે કથિત રીતે એક ૨૧ વર્ષની યુવતીને બ્રિજ પરથી નીચે ફેંકી દેતા, ૧૩૦ ફૂટથી વધુ ઊંચાઈએથી પટકાવાને કારણે તેનું મોત નીપજ્યું હતું. આ ઘટનાને પગલે ત્યાં હાજર લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો અને આ જીવલેણ દુર્ઘટના અંગે ફોજદારી તપાસ શરૂ કરવામાં આવી છે.

સ્થાનિક સ્તરે મારિયા એડ્યુઆર્ડા રોડ્રિગ્સ ડી ફ્રિટાસ તરીકે ઓળખાયેલી આ યુવતીનું સાઓ પાઉલો રાજ્યમાં આવેલા 'સ્કેલેટન બ્રિજ' પરથી એક ખાનગી કંપની દ્વારા આયોજિત બંજી જમ્પિંગ પ્રવૃત્તિ દરમિયાન નીચે પડતાં મોત થયું હતું. ઘટનાસ્થળે રેકોર્ડ કરાયેલા વીડિયોમાં સ્ટાફના સભ્યો તેને બ્રિજની કિનારી સુધી લઈ જતા અને ત્યાર બાદ નીચે છોડતા દેખાય છે, તેઓ કદાચ એ વાતથી અજાણ હતા કે મુખ્ય સુરક્ષા દોરડું જોડવામાં આવ્યું ન

...અનુસંધાન પાના 2 પર

## TMCના બળવાખોર સાંસદોએ નેશનાલિસ્ટ સિટિઝન પાર્ટી સાથે મર્જર જાહેર કર્યું

**સ્પીકરને** મળીને લોકસભામાં અલગ બેઠક વ્યવસ્થા માટે માગણી કરી

**તૃણમૂલના** ચૂંટણી ચિન્હ પર પણ દાવો કરવાનો બળવાખોર જૂથનો સંકેત

નવી દિલ્હી, તા. ૧૫(પીટીઆઈ) તૃણમૂલ કોંગ્રેસમાં બળવો રવિવારે ચરમસીમાએ પહોંચ્યો હોવાનું જણાયું હતું, કારણ કે બળવાખોર સાંસદોએ 'નેશનલિસ્ટ સિટિઝન્સ પાર્ટી' સાથે તેમના વિલયની જાહેરાત કરી હતી અને લોકસભાના સ્પીકર ઓમ બિરલાને મળીને ગૃહમાં અલગ બેઠક વ્યવસ્થા કરવાની માંગ કરી હતી.

સ્પીકર સાથેની મુલાકાત બાદ પત્રકારો સાથે વાત કરતા બળવાખોર સાંસદ કાકોલી ઘોષ દસ્તીદારે દાવો કર્યો હતો કે તૃણમૂલ કોંગ્રેસના બે તૃતીયાંશ લોકસભા સભ્યોએ એક અલગ જૂથ તરીકે માન્યતા આપવા માટે પત્ર સોંપ્યો છે. તેમણે કહ્યું,

...અનુસંધાન પાના 2 પર



### સ્પીકરને મળતા પહેલા ટીએમસીના બળવાખોર સાંસદો ભુપેન્દ્ર યાદવને મળ્યા

**નવી દિલ્હી, ૧૪ જૂન (PTI):** તૃણમૂલ કોંગ્રેસમાં કટોકટી રવિવારે વધુ ઘેરી બની છે. મમતા બેનર્જીના વિશ્વાસુ સુદીપ બંદોપાધ્યાયે બળવાખોર જૂથને પોતાનું સમર્થન આપ્યું છે. આ દરમિયાન, અસંતુષ્ટ સાંસદોએ લોકસભા સ્પીકર પાસેથી વાસ્તવિક TMC સંસદીય જૂથ તરીકે માન્યતા માગતા પહેલા કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવના નિવાસ્થાને તેમની મુલાકાત લીધી હતી. બંદોપાધ્યાયે જણાવ્યું હતું કે તેમણે બળવાખોર સાંસદો અને ધારાસભ્યોની અપીલ બાદ અસંતુષ્ટ જૂથ સાથે રહેવાનો નિર્ણય કર્યો છે, પરંતુ તેમણે ઉમેર્યું કે સ્પીકર ઓમ બિરલાને સુપરત કરવાના

...અનુસંધાન પાના 2 પર

### બળવાખોર જૂથને માન્યતા ન આપવા અભિષેક બેનર્જીની સ્પીકરને વિનંતી

**નવી દિલ્હી, તા. ૧૪ (PTI):** બળવાખોર સાંસદો દ્વારા વલણ કડક કરવામાં આવતાં લોકસભામાં તૃણમૂલ કોંગ્રેસ સંસદીય પક્ષના નેતા અભિષેક બેનર્જીએ સ્પીકર ઓમ બિરલાને પત્ર લખીને કોઈપણ કથિત અલગ જૂથ કે પક્ષને કોઈ માન્યતા, દરજ્જો કે સુવિધા ન આપવા વિનંતી કરી છે. અભિષેક બેનર્જીએ ભારપૂર્વક જણાવ્યું છે કે, બંધારણ અને પક્ષપલટા વિરોધી કાયદો હાલના

...અનુસંધાન પાના 2 પર

### હવામાન

તા. ૧૪-૦૬-૨૦૨૬નું સુરત શહેરનું

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૫.૨° સે. | ૨૮.૮° સે. | ૬૬% |

## ઈનોવેશન ભારતના DNAમાં છે : મોદી

**ઇનોવેશન** અને સમાવેશ એકબીજાના વિરોધી નથી પરંતુ પૂરક છે, વિશ્વ સમાવેશી, માનવ-કેન્દ્રી ટેકનોલોજી ઇચ્છે છે : મોદી

**'ભારત** ઇનોવેટ્સ' કાર્યક્રમના ઉદ્દઘાટનમાં વડાપ્રધાને કહ્યું કે ભારત આજે એક ટેકનોલોજી પ્રદાતા દેશ બની ગયો છે




નીસ(ફ્રાન્સ), તા. ૧૪(PTI) : ભારત હવે માત્ર વૈશ્વિક ઉકેલોનો ઉપભોક્તા નથી રહ્યું, પરંતુ તેમાં મોટો ફાળો આપનાર દેશ બની ગયું છે, તેમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે માનવ-કેન્દ્રીય સંશોધનો અને ટેકનોલોજીના વિકાસ માટે નવી દિલ્હીના વિઝનને રજૂ કરતા જણાવ્યું હતું. પીએમ મોદીએ કહ્યું કે ઈનોવેશન ભારતના ડીએનએમાં છે

ભૂમધ્ય સમુદ્ર કિનારે આવેલા આ ફ્રેન્ચ શહેરમાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનની હાજરીમાં 'ભારત ઈનોવેટ્સ' કાર્યક્રમના ઉદ્ઘાટન પ્રસંગે વડાપ્રધાને આ ટિપ્પણી કરી હતી. ભારતે સાબિત કરી બતાવ્યું છે કે ઈનોવેશન અને સમાવેશ એકબીજાના વિરોધી નથી પરંતુ પૂરક છે. આનો અર્થ એ છે કે કોઈપણ ઈનોવેશનની મહાનતા માત્ર તેના મૂલ્યાંકનમાં નથી, પરંતુ તેની માનવ જીવન પર પડતી અસર પર નિર્ભર કરે છે, તેમણે આ કાર્યક્રમમાં

...અનુસંધાન પાના 2 પર

## મહારાષ્ટ્રમાં પિક-અપ વાહન કૂવામાં ખાબકતાં આઠનાં મોત

સોલાપુર (મહારાષ્ટ્ર), તા. ૧૪ (પીટીઆઈ) મહારાષ્ટ્રના સોલાપુર જિલ્લાના માલશિરસ તાલુકામાં રવિવારે એક પિક-અપ વાહન રોડ કિનારે આવેલા કૂવામાં ખાબકતાં ચાર મહિલાઓ અને ચાર બાળકો સહિત આઠ લોકોનાં મોત થયાં છે જ્યારે અન્ય સાત લોકો ઘાયલ થયા છે. એમ પોલીસે જણાવ્યું હતું. પોલીસે જણાવ્યું કે, જ્યારે આ ઘટના ટાંડુલવાડી ગામ નજીક બની ત્યારે વાહનમાં ૧૫ લોકો મુસાફરી કરી રહ્યા હતા. સોલાપુરના પોલીસ અધિક્ષક (એસપી) અતુલ કુલકર્ણીએ

...અનુસંધાન પાના 2 પર

## મે મહિનામાં ભારતની રશિયન ઓઈલની આયાતમાં વધારો થયો

**મેમાં** ભારત રશિયન ક્રૂડનો વિશ્વનો બીજો સૌથી મોટો ગ્રાહક દેશ બન્યો

**રશિયન** ઓઇલની આયાતમાં ૨૧ ટકાનો વધારો થયો, ખાનગી અને સરકારી - બંને રિફાઇનરીઓએ રશિયન ઓઇલની આયાત વધારી

નવી દિલ્હી, તા. ૧૪(PTI): યુરોપિયન થિંક ટેન્ક 'સેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ ક્લીન એર'(CREA)ના અહેવાલ મુજબ, ભારતીય રિફાઈનર્સે મોસ્કો પાસેથી ક્રૂડની ખરીદી વધારતા, ભારત મે મહિનામાં અંદાજે ૫.૮ અબજ યુરો (૬.૭ બિલિયન ડોલર)ના રશિયન હાઈડ્રોકાર્બનની આયાત કરીને રશિયન અશ્મિભૂત ઈંધણનો વિશ્વનો બીજો સૌથી મોટો ખરીદદાર દેશ રહ્યો છે. આ મહિના દરમિયાન રશિયાથી ભારતની કુલ આયાતમાં ક્રૂડ ઓઈલનો હિસ્સો લગભગ ૮૩

...અનુસંધાન પાના 2 પર

## ભારતીય જહાજ ઓમાન કાંઠે ડુબ્યું : તમામ 14 ખલાસીને બચાવાયા

**વહાણ** યાંત્રિક ખામીને કારણે ડૂબ્યાના અહેવાલ, બચાવાયેલા અન્ય જહાજમાં મુંબઇ રવાના

**યુએસ** નેવીના મેરીટાઇમ પેટ્રોલ એરક્રાફ્ટે લાઇફ રાફ્ટ તૈનાત કરીને ક્રૂના બચાવમાં સંકલન સાધ્યુ



દુબઈ/નવી દિલ્હી, ૧૪ જૂન (PTI) ઓમાનના દરિયાકાંઠે એક ભારતીય ધ્વજ ધરાવતું વહાણ યાંત્રિક ખામીના કારણે ડૂબી ગયું હતું, અને રવિવારે તેના તમામ ૧૪ ક્રૂ સભ્યોને બચાવી લેવાયા હતા, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું. ભારતીય ધ્વજવંદન જહાજ પાણીમાં ડુબી રહી હોવાના અહેવાલો મળ્યા બાદ યુએસ નેવીએ રવિવારે દરિયાકાંઠાના અધિકારીઓ અને ભારતીય નૌકાદળને ચેતવણી આપી હતી. અહેવાલો અનુસાર યુએસ

...અનુસંધાન પાના 2 પર

